## અંકલેશ્વર નગરપાલિકા, અંકલેશ્વર

### અંકલેશ્વર નગરપાલિકા, :તા.31/07/2018 ની કવાટૅલી જનરલ બોડૅના ઠરાવનં.34 માં

સ્વચ્છ ભારત મિશન અંતગૅત પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-2018, તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ(SWM)-૨૦૧૬ ના પેટા નિયમો-2018, કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-2018 વિગેરેના મુસદ્દાઓ,

સોલીડ વેસ્ટ મનેજમેન્ટ રૂલ્સ (SWM-૨૦૧૬ ના અમલીકરણ માટે ભારત સરકારશ્રીની વન પર્યાવરણ મોસમ મંત્રાલય ધ્વારા નોટીફીકેશન પ્રકાશિત કરવામાં આવેલ છે. જેના અંકલેશ્વર શહેરમાં અમલીકરણ માટે તા.૩૧/૦૭/૨૦૧૮ ના રોજ અંકલેશ્વર નગરપાલિકા અંકલેશ્વર સામાન્ય સભામાં ઠરાવ નબર-34 થી આજ રોજ સ્વચ્છ ભારત મિશન અંતગૅત પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-2018, તેમજ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ(SWM)-૨૦૧૬ ના પેટા નિયમો-2018, કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( C & D ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-2018 વિગેરેના મુસદ્દાઓ વધુ મતે મંજુર કરવામાં આવેલ છે.

ભારત સરકારશ્રી ની વન પર્યાવરણ મોસમ મંત્રાલય ધ્વારા નોટીફીકેશન પ્રકાશિત કરી:-

(૧) સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ(SWM-૨૦૧૬

(૨)પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬

(૩)કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના અંકલેશ્વર સહેરના અમલીકરણ માટે આજની આ સામાન્ય સભા ઠરાવ કરી ઉપરોક્ત નિયમો મંજુર કરી તેના પેટા નિયમો ૨૦૧૮ મંજુર કરે છે. ઉપર મુજબ ના ત્રણેય રૂલ્સ ના પેટા નિયમો ની અંકલેશ્વર શહેરમાં અમલવારી કરાવવા ઓફીસ કક્ષાએથી આગળ ની કાર્યવાહી કરવા અર્થે મુખ્ય અધિકારીશ્રી ને સત્તા આપવાનું ઠરાવવામાં આવે છે.

### સોલીડ વેસ્ટ મનેજમેન્ટ રૂલ્સ (SWM-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮

(૧) ઘન કચરાને ખુલ્લામાં, શેરીઓમાં, જમીનપર, બગીચામાં, જાહેર સ્થળો જેવા તમામ સ્થળો ઉપર બાળવા માટે સંપૂર્ણપણે પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(A) નિયમ ભંગ કરનાર સામે અંકલેશ્વર નગરપાલિકા અંકલેશ્વર ધ્વારા કચરો બાળનાર વ્યક્તિ પાસેથી પ્રથમ વખતનાં ગુન્હા માટે રૂ.૧૦૦/- કે તેથી વધુ દંડ કરવાનું ઠરાવવામાં આવે છે.

જયારે પુનરાવર્તિત ગુન્હા માટે ગુરૂત્તમ દંડ રૂ.૫૦૦/- થી રૂ.૫૦૦૦/- સુધી વસુલ કરવામાં આવશે

(B) દુકાનદાર હોય તો તેનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(C) પાણીનું કનેક્શન બંધ કરવામાં આવશે.

(D) વારંવાર ગુનો કરતા માલુમ પડેતો ફરિયાદની કાર્યવાહી કરવામાં આવશે.

(E) નગરપાલિકાના સફાઈ કમૅચારીઓ કચરો બાળે તો પ્રથમ ગુનામાં નોટીસ અને ત્યારબાદ શિક્ષાત્મક કાયૅવાહી કરવામાં આવશે.

(૨) રહેણાંક, વાણિજ્ય, સ્થાનિક, સ્વરાજ્ય સંસ્થા તથા ઓધોગિક પ્રવૃત્તિમાંથી દૈનિક ઘન કચરો પેદા કરનાર દ્વારા કચરાનો યોગ્ય નિકાલ કરવાની જવાબદારી ઘન કચરો પેદા કરનારની નક્કી કરવામાં આવે છે.

(A) કચરો ઉત્તપન્ન કરનાર દરેક નાગરિક/સંસ્થા/ઉધોગ/સ્થાનિક સ્વરાજ્ય સંસ્થા જો કચરાનો ગમે ત્યાં નિકાલ કરતા માલુમ પડેતો, નગરપાલિકા દ્વારા દંડ વસુલ કરવામાં આવશે.

(B) દુકાનદાર હોયતો તેનું લાયસન્સ રદ્દ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(C) વારંવાર ગુનો કરતાં માલુમ પડેતો પોલીસ ફરિયાદની કાર્યવાહી કરવામાં આવશે.

(D) શહેરનું તંદુરસ્ત વાતાવરણ જળવાય રહે અને નગરજનોમાં સ્વચ્છતા પ્રત્યેની સભાનતા પ્રગટ થાય તે હેતુસર શહેરમાં વિવિધ સ્તરે જાહેરમાં ગંદકી તેમજ ન્યુસન્સ કરતાં ઇસમો પાસેથી વહીવટી ચાર્જ / દંડ વસુલાત માટે રૂલ્સ -૨૦૧૬ મુજબ સ્વચ્છતા ભંગ કરતી પ્રવૃતિઓ માટે દંડની રકમ નક્કી કરવામાં આવે છે. ગંદકી કરનાર ઈસમો / એકમો વિગેરે પાસેથી વહીવટી ચાર્જ વસુલ કરવા માટે આરોગ્ય વિષયક વિવિધ મુદ્દાઓ ધ્યાને લઈ પ્રથમ દર્શીય ગુન્હા માટે લધુત્તમ અને પુનરાવર્તિત ગુન્હા માટે ગુરૂત્તમ વહીવટી ચાર્જનું માળખું નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.

## વહીવટી ચાર્જ / દંડની રકમ વસુલવાનું પત્રક :-

| ગુન્હા | એક વખતના ગુન્હા માટેનો લધુત્તમ દંડ રૂ.માં) | એક થી વધુ વખત ના ગુન્હા ટેનો ગુરૂત્તમ દંડ (રૂ.માં) |
|---|---|---|
| A. રસ્તા પરની ગંદકી માટેનો દંડ | | |
| વ્યક્તિગત | ૫૦/- | ૫૦૦/- |
| રહેઠાણ | ૫૦/- | ૫૦૦/- |
| રસ્તા, ફૂટપાથ પરના ફેરિય, લારી વિગેરે | ૧૦૦/- | ૧૦૦૦/- |
| ઓફીસ & શોપકીપર | 300/- | 3000/- |
| હોટલ & રેસ્ટોરન્ટ | ૫૦૦/- | ૫૦૦૦/- |
| પબ્લિક એરિયા જેવા કે, શોપિંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, વિગેરે | ૫૦૦/- | ૫૦૦૦/- |
| ક્લીનિક & હોસ્પિટલ | ૫૦૦/- | ૫૦૦૦/- |
| ઇન્ડસ્ટ્રીઝ | ૫૦૦/- | ૫૦૦૦/- |
| B. પાણીના વ્યય માટેનો દંડ | | |
| રહેઠાણ | ૧૦૦/- | ૧૦૦૦/- |
| વ્યાવસાયિક એકમ | ૨૦૦/- | ૨૦૦૦/- |
| ઇન્ડસ્ટ્રીઝ | ૫૦૦/- | ૫૦૦૦/- |

| C. સામાન્ય દંડ | | |
|---|---|---|
| ખુલ્લામાં શૌચાલય, પેશાબ અને થૂકવું | ૫૦/- | ૫૦૦/- |
| જાનવરોનો ઉપદ્રવ | ૧૦૦/- | ૧૦૦૦/- |
| કચરો નદી, તળાવ, ખાડી, કાંસમાં નાખવો | ૧૦૦/- | ૧૦૦૦/- |
| બાંધકામનો કાટમાળ રસ્તા ઉપર નાખવો તથા રેતી, કપચી,ઈંટો વિગેરે બાંધકામમાં વપરાતો સામાન. | ૧૦૦૦/- | ૧૦૦૦૦/- |
| D. રસ્તા પર હાથલારી / કેબીન વિગેરે રાખી રસ્તા પર દબાણ કરવું. | ૫૦૦/- | ૫૦૦૦/- |

(૩)કચરો અવૈધ નિકાલ કરનારાઓ ક નિયમોની જોગવાયીઓનું પાલન કરવામાં નિષ્ફળ રહેતી વ્યક્તિ / સંસ્થાઓ પાસે થી દંડ વસુલ કરવાની પેટા નિયમની જોગવાઈઓમાં સુનિશ્ચિત કરવી જેમાં સમકક્ષ અધિકારીઓને કે સ્થાનિક સંસ્થાને અધિકારીઓ તથા કર્મચારીઓની આપવામાં આવે છે.

(A) દંડ વસુલ કરવાની સત્તા નીચે મુજબના અધિકારીઓ તથા કર્મચારીઓને આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ચીફ ઓફિસર | ૭ | અ.મ .ઈજનેર ( ડ્રેનેજ) |
| ૨ | સિવિલ એન્જીનીયર | ૮ | ગુમાસ્તાધારા ઇન્સ્પેક્ટર |
| ૩ | સેનેટરી ઇન્સ્પેક્ટર | ૯ | હાઉસટેક્ષ સુપરીટેન્ડન્ટ |
| ૪ | અ.મ .ઈજનેર ( બાંધકામ ) | ૧૦ | હેડ સર્વેયર |
| ૫ | અ.મ .ઈજનેર ( ઇલેક્ટ્રિક ) | ૧૧ | સર્વેયર |
| ૬ | અ.મ .ઈજનેર ( વોટર વર્ક ) | ૧૨ | સેનિટેશન સુપરવાઈઝર |

(૪) કોઈપણ પ્રકારના રહેઠાણની સોસાયટીઓ કે માર્કેટ સકુલાના નિર્માણના મંજુર નકશાઓ ખાત્રી કરવી ક તેના નિર્માતાઓ દ્વારા ઘનકચરાના એકત્રીકરણ, વર્ગીકરણ અને સંગ્રહની વ્યવસ્થા માટેની જોગવાઈ રાખવામાં આવેલ છે કે કેમ? તેની ચકાસણી કરવાની અને બાંધકામ પૂર્ણ થયા બાદ જો આવી વ્યવસ્થા રાખવામા આવેલ ન હોય તો તેની સામે પગલા લેવાની કામગરી નગરપાલિકા દ્વારા કરવામાં આવશે.

(૫) ઘન કચરા વ્યવસ્થાપનની સુવિધાઓના સંચાલકો દ્વારા દરેક કામદારોને વ્યક્તિગત સુરક્ષાના ઉપકરણો / સાધનો જેવા કે, વર્દી, ફ્લોરસન્ટ જેકેટ, હાથમોજા, ઉચિત જોડા, માસ્ક, રેઇનકોટ, સ્વેટર વિગેરે સાધનો નીચે પુરા પડવાનાં રહેશે.

(A) સફાઈ કામદારો દીઠ નીચે મુજબના ઉપકરણો / સાધનો પુરા પાડવામાં આવશે.

| અ.નં. | સુરક્ષા ઉપકરણોનું નામ | નંગ / જોડી | સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | વર્દી | ૨ ( બે ) જોડી | દર એક વર્ષ |
| ૨ | ફ્લોરસન્ટ જેકેટ | ૨ ( બે ) નંગ | દર એક વર્ષ |
| ૩ | હાથમોજા | ૧૨ ( બાર ) જોડી | દર એક વર્ષ |
| ૪ | ઉચિત જોડા | ૧ ( એક ) જોડી | દર એક વર્ષ |
| ૫ | માસ્ક | ૧૨ નંગ | દર એક વર્ષ |
| ૬ | રેઇનકોટ | ૧ ( એક ) નંગ | દર ત્રણ વર્ષ |
| ૭ | સ્વેટર | ૧ ( એક ) નંગ | દર ચાર વર્ષ |

(૬) ઉપર મુજબ પેટા નીયમો અંકલેશ્વર નગરપાલિકા, અંકલેશ્વર તા.31/08/2018 ના રોજ સવારના _11.30_ કલાકે _મંગળવાર_ના રોજ મળેલ સામાન્ય સભામાં મંજુર કરવામાં આવેલ છે. જેના અમલીકરણ માટે દૈનિક પત્રમાં જાહેરાત પ્રકાશિત કરવી તેમજ પ્રચાર સંચાર અને શિક્ષણના માધ્યમથી અભિયાન ચાલવાનું અને કચરો પેદા કરનારાઓને જાણકારી આપવી.

'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના અમલીકરણ માટે ભારત સરકાર ના વનપર્યાવરણ અને મોસમ મંત્રાલય દ્વારા નોટીફીકેશન પ્રકાશિત કરવામાં આવેલ છે. જેના અંકલેશ્વર શહેરમાં અમલીકરણ તેને આજની આ સામાન્ય સભામાં મંજુરી કરી અમલવારી માટે અંકલેશ્વર નગરપાલિકા – અંકલેશ્વર ના પેટા નિયમો તરીકે જાહેર કરે છે. જે અંકલેશ્વર નગરપાલિકા અંકલેશ્વર ના 'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮ તરીકે માન્ય રહેશે જેના અમલ તા.૦૧/૦૪/૨૦૧૮ થી કરવામાં આવશે.

'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮

(૧) અંકલેશ્વર શહેરમાં 'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ ઉત્પન્ન કરનાર દરેક નાગરિક / કોન્ટ્રાકટર / સંસ્થાએ નગરપાલિકાને કામગીરી શરૂ કરતાં જાણ કરવાની રહેશે.

(૨) અંકલેશ્વર શહેરમાં 'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ ખરીદનાર તથા વેચાણ કરનાર તમામ નાગરિક / દુકાનદારો / કોન્ટ્રકટર / સંસ્થા / બિલ્ડર / કન્સ્ટ્રકશન કંપની / પુનઃચક્રીય પેદાશો ઉત્પન્ન કરનાર નાગરિક, દુકાનદાર, કોન્ટ્રાક્ટર, સંસ્થા, કંપની વિગેરે એ નગરપાલિકામાં નોંધણી કરાવવાની રહેશે.

'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮ મુજબ નોધણી ફી તથા વહીવટી ચાર્જ / દંડની રકમ નીચે મુજબ વસુલવામાં આવશે.

નોંધની ફી

| અ. નં. | વિગત<br>'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ (ધનકચરો,રોડું,બરોડું,રેતી,કપચી,માટી,ઇંટો, લાકડું, ધાતુ, પ્લાસ્ટિક, મોટર, મશીનરી વિગેરે કચરો ) ઉત્પન્ન કરનાર | સમય મર્યાદામાં (એક વખતની ) નોંધણી ફી | સમય મર્યાદા પછી ની નોંધની ફી | વાર્ષિક ફી |
|---|---|---|---|---|
| ૦૧ | નાગરીક | ૧૦૦ | ૧૦૦ + ૧૦૦ = ૨૦૦ | ૦ |
| ૦૨ | દુકાનદાર | ૨૦૦ | ૨૦૦ + ૨૦૦ = ૪૦૦ | ૦ |
| ૦૩ | કોન્ટ્રાકટર (બાંધકામ કરનાર) / કોન્ટ્રાકટર (પરિવહન કરનાર) | ૧૦૦૦ | ૧૦૦૦+૧૦૦૦=૨૦૦૦ | ૨૦૦૦ |
| ૦૪ | સંસ્થા | ૧૦૦૦ | ૧૦૦૦+૧૦૦૦=૨૦૦૦ | ૨૦૦૦ |
| ૦૫ | બિલ્ડર / કન્સ્ટ્રકશન કંપની | ૨૦૦૦ | ૨૦૦૦+૨૦૦૦=૪૦૦૦ | ૫૦૦૦ |
| ૦૬ | ઉપરની વિગતે જણાવેલ કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલીશન ( & ) વેસ્ટ પુનઃચક્રીય પેદાશો ઉત્પન્ન કરનાર નાગરિક,દુકાનદાર, કોન્ટ્રાકટર, સંસ્થા, કંપની વિગેરે | ૨૦૦૦ | ૨૦૦૦+૨૦૦૦=૪૦૦૦ | ૫૦૦૦ |

"કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન( & ) વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ના પેટા નિયમો-૨૦૧૮"

(૧) અંકલેશ્વર નગરપાલિકા કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ (ધનકચરો, રોડું, બરોડું, રેતી, કપચી, માટી, ઇંટો, લાકડું, ધાતુ, પ્લાસ્ટિક, મોટર, મશીનરી વિગેરે કચરો) ઉત્પન્ન કરનાર માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવું ફરજીયાત છે.

(A) અંકલેશ્વર શહેરમાં 'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ ઉત્પન કરનારે નગરપાલિકા કચેરીએ નોંધણી કરાવવાની ફરજીયાત રહેશે. નોંધણી નહી કરાવનાર / નિયમ ભંગ કરનાર સામે અંકલેશ્વર નગરપાલિકા અંકલેશ્વર દ્વારા નીચે મુજબ વહીવટી ચાર્જ / દંડની જોગવાઈ કરેલી છે.

(B)પાણીનું કલેકશન કાપવામાં આવશે.

(C)દુકાનદારો / કોન્ટ્રાકટર ( બાંધકામ કરનાર ) / કોન્ટ્રાકટર ( પરિવહન કરનાર ) / સંસ્થા / બિલ્ડર / કન્સ્ટ્રકશન કંપની / પુનઃ ચક્રીય પેદાશો ઉત્પન્ન કરનાર નાગરીક, દુકાનદાર, કોન્ટ્રાકટર, સંસ્થા, કંપની વિગેરેનું લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે

(D)ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડને લેખીત માં ફરિયાદ કરવામાં આવશે.

(E)વારંવાર ગુનો કરતા માલુમ પડે તો પોલીસ ફરિયાદની કાર્યવાહી કરવામાં આવશે.

(F) [illegible]

વહીવટી ચાર્જ/દંડ

| અ.નં. | વિગત 'કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ ( ધનકચરો, રોડું, બરોડું, રેતી, કપચી, માટી, ઇંટો, લાકડું, ધાતુ, પ્લાસ્ટિક, મોટર, મશીનરી વિગેરે કચરો ) ઉત્પન્ન કરનાર | વહીવટી ચાર્જ / દંડ એકવખત ગુન્હા માટે દંડ રૂ/- માં | એકથી વધુ વખતના ગુન્હા માટેના ગુરૂત્તમ વહીવટી ચાર્જ / દંડ રૂ/- માં | વારંવાર ગુન્હા માટે |
|---|---|---|---|---|
| ૦૧ | જાહેર સ્થળો ઉપરની વિગતો જણાવેલ કચરો ગેરકાયદેસર નિકાલ કરનાર | રૂ/- ૫૦ થી ૫૦૦ સુધી | રૂ/-૫૦૦ થી રૂ/- ૫૦૦૦ સુધી | રૂ/-૫૦૦૦ થી વધારે |
| ૦૨ | પાણીના પ્રવાહને અવરોધરૂપ થાય તે રીતે ઉપરની વિગતે જણાવેલ કચરાને ગેરકાયદેસર નિકાલ કરનાર | રૂ/-૧૦૦ થી રૂ/- ૧૦૦૦ સુધી | રૂ/-૧૦૦૦ થી રૂ/- ૫૦૦૦ સુધી. | રૂ/-૫૦૦૦ થી વધારે |
| ૦૩ | ઔદ્યોગિક જોખમી કચરો, ઝેરી માલ સામગ્રી અથવા પરમાણું કચરો, તેનાથી દૂષિત થયેલ કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટનો ગેરકાયદો નિકાલ કરનાર | રૂ/-૫૦૦ થી રૂ/- ૨૦૦૦ સુધી | રૂ/-૧૦૦૦ થી રૂ/- ૧૦૦૦૦ સુધી. | રૂ/- થી વધારે |

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪ | નાગરિક / દુકાનદરો / કોન્ટ્રાકટર / (બાંધકામ કરનાર) / સંસ્થા / બિલ્ડરો / કન્સ્ટ્રકશન કંપની / પુનઃ ચકીય પેદાશો ઉત્પન્ન કરવાના નાગરીક, દુકાનદાર, કોન્ટ્રાકટર, સંસ્થા, કંપની પોલ્યુસન કંટ્રોલ બોર્ડ માં રજીસ્ટ્રેશન ફરજિયાત કરાવવાનું રહેશે, નોંધણી નહી કરાવનાર | રૂ/- ૫૦ થી ૫૦૦ સુધી | રૂ/- ૫૦૦ થી રૂ/- ૫૦૦૦ સુધી. | રૂ/-૫૦૦૦ થી વધારે |

(૨) કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ ( ઘનકચરો, રોડું, બરોડું, રેતી, કપચી, માટી, ઇંટો, લાકડું, ધાતું. પલ્સ્તિક, મોટર, મશીનરી વિગેરે કચરો) ઉત્પન્ન કરનાર નાગરિક / દુકાનદારો / કોન્ટ્રાકટર (બાંધકામ કરનાર ) / કોન્ટ્રકટર (પરિવહન કરનાર) / સંસ્થા / બિલ્ડર / કન્સ્ટ્રકશન કંપની / પુનઃ ચકીત પેદાશો ઉત્પન્ન કરનાર નાગરિક, દુકાનદાર, કોન્ટ્રાકટર, સંસ્થા, કંપની વિગેરે પાસે થી વહીવટી ચર્જ / દંડ વસુલ કરવાની પેટા નિયમોની જોગવાઈઓ સુનિશ્ચિત કરવાની સત્તા નીચેના અધિકારીઓને / કર્મચારીઓને ભરૂચ નગરપાલિકા-ભરૂચ ના હદ વિસ્તારમાં વહીવટી ચાર્જ / દંડ વસુલ કરવાની સત્તા સોપંવા આપવામાં આવે છે.

(A) વહીવટી ચાર્જ / દંડ વસુંલ કરવાની સત્તા નીચે મુજબના અધિકારીઓને આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ચીફ ઓફિસર | ૭ | અ.મ .ઈજનેર ( ડ્રેનેજ) |
| ૨ | સિવિલ એન્જીનીયર | ૮ | ગુમાસ્તાધારા ઇન્સ્પેક્ટર |
| ૩ | સેનેટરી ઇન્સ્પેક્ટર | ૯ | હાઉસટેક્ષ સુપરીટેન્ડન્ટ |
| ૪ | અ.મ .ઈજનેર ( બાંધકામ ) | ૧૦ | હેડ સર્વેયર |
| ૫ | અ.મ .ઈજનેર ( ઇલેક્ટ્રિક ) | ૧૧ | સર્વેયર |
| ૬ | અ.મ .ઈજનેર ( વોટર વર્ક ) | ૧૨ | સેનિટેશન સુપરવાઈઝર |

(૩) ઉપર મુજબના પેટા નિયમો અંકલેશ્વર નગરપાલિકા અંકલેશ્વર તા._31/7/2018 ના રોજ સવારના.11.30 કલાકે ના રોજ મળેલ સામાન્ય સભામાં ઠરાવ નં.__34 થી મંજુર કરવામાં આવેલ છે. જેના અમલીકરણ માટે દૈનિક પત્રમાં જાહેરાત પ્રકાશીત કરવી તેમજ પ્રચાર પ્રસાર સંચાર અને શિક્ષણના માધ્યમથી અભિયાન ચલાવવું અને કન્સ્ટ્રકશન એન્ડ ડીમોલેશન ( & ) વેસ્ટ ( ઘનકચરો, રોડું, બરોડું, રેતી, કપચી, માટી,ઇંટો,લાકડું,ધાતું. પલ્સ્તિક,મોટર,મશીનરી વિગેરે કચરો) ઉત્પન્ન કરનાર સુયોગ્ય રીતે નિકાલ કરે એ માટે ની જાણકારી આપવી.

પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ – ૨૦૧૬ ના અમલીકરણ માટે ભારત સરકારશ્રી ના વન પર્યાવરણ મોસમ મંત્રાલય દ્વારા નોટીફીકેશન પ્રકાશિત કરવામાં આવેલ છે. જેના અંકલેશ્વર શહેરમાં અમલીકરણ માટે અંકલેશ્વર નગરપાલિકા અંકલેશ્વરના પેટા નિયમો – ૨૦૧૮ મંજુર કરવા બાબત

પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ – ૨૦૧૬ ના અમલીકરણ માટે ભારત સરકારશ્રીના વન પર્યાવરણ મોસમ મંત્રાલય દ્વારા નોટીફીકેશન પ્રકાશિત કરવામાં આવેલ છે. જેના અંકલેશ્વર શહેરમાં અમલીકરણ માટે ભરૂચ નગરપાલિકા ભરૂચ ના "પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો – ૨૦૧૮" તરીકે નીચે મુજબના નિયમો માન્ય રાખી નિયમો મંજુર કરવા તથા તેનું અમલીકરણ તા.1/9/2018 થી કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

"<u>પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮</u>"

(૧) અંકલેશ્વર શહેરમાં પ્લાસ્ટીક કેરી બેગ વેચાણ / વિતરણ કરતા તમામ દુકાનદારો અને બ્રાંડ ઓનર તથા ફેરિયાઓ પોતાની વિગત નામ, સરનામાં અને અંદાજીત પ્રતિમાસ વેચાણ જથ્થાની નોંધણી ફરજીયાત કરાવવાની રહેશે.

(૨) અંક્લેશ્વર્વ શહેરમાં પ્લાસ્ટીક વેસ્ટ ખરીદનાર તથા વેચનાર તમામ દુકાનદારો તથા વેસ્ટ પીકર્સની નગરપાલિકામાં નોંધની કરાવવાની રહેશે. તથા વેસ્ટ પીકર્સ એજન્સી, અને ગ્રુપની નોંધની કરાવવાની રહશે.

"પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮" મુજબ નોંધની ફી તથા વહીવટી ચાર્જ / દંડની રકમ નીચે મુજબ વસુલવામાં આવશે.

નોંધની ફી

| અ.નં. | વિગત | સમય મર્યાદામાં નોંધની | સમય મર્યાદા પછી ની નોંધની ફી | વાર્ષિક ફી |
|---|---|---|---|---|
| ૦૧ | દુકાન | ૫૦૦ | ૫૦૦+૫૦૦=1000 | 100 |
| ૦૨ | ફેરીયા | 100 | 200 | 50 |
| ૦૩ | વેસ્ટપીકર | ૧૦ | - | ૧૦ |
| ૦૪ | વેસ્ટપીકર એજન્સી | 200 | 300 | 300 |

"પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮"

(૧) અંકલેશ્વર શહેરમાં ૫૦ માઈક્રોન કરતા ઓછા જાડાઈ વાળી પ્લાસ્ટીકની બેગ ( ઝબલા,થેલી ) વિગેરે પર સંપૂર્ણપણે પ્રતિબંધ ફરવવામાં આવે છે.

(A) નિયમ ભંગ કરનાર સામે અંકલેશ્વર નગરપાલિકા અંકલેશ્વર દ્વારા નીચે મુજબ વહીવટી ચાર્જ / દંડની જોગવાઈ કરેલ છે.

(B) દુકાનદારો માટે તેનું લાઈસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

(C) ગુજરાત પોલ્યુસન કંટ્રોલ બોર્ડને લેખીત માં ફરિયાદ કરવામાં આવશે.

(D) વારંવાર ગુનો કરતા માલુમ પડેતો પોલીસ ફરિયાદ કાર્યવાહી કરવામાં આવશે.

વહીવટી ચાર્જ / દંડ

| અ.નં. | વિગત | વહીવટી ચાર્જ /દંડ ગુન્હા એકવખત ગુન્હા માટે દંડ રૂ.માં | એક થી વધુ વખતના ગુન્હા માટેનો ગુરૂત્તમ વહીવટી ચાર્જ/દંડ રૂ/માં | વારંવાર ગુન્હા માટે |
|---|---|---|---|---|
| ૦૧ | ઇન્ડિયન સ્ટાન્ડર્ડ: ૯૮૩૩:૧૯૮૧ ની ઓછી ગુણવત્તાના પ્લાસ્ટીક નુ વેચાણ | રૂ/- ૫૦ થી ૫૦૦ સુધી. | રૂ/- ૫૦૦ થી ૫૦૦૦ સુધી. | રૂ/- ૫૦૦૦ થી વધારે |
| ૦૨ | પુનઃ ચક્રિય પ્લાસ્ટીક નો ઉપયોગ ખાવાપીવા ની વસ્તુ ભરવા માટે ઉપયોગ | રૂ/- ૫૦ થી ૫૦૦ સુધી. | રૂ/- ૫૦૦ થી ૫૦૦૦ સુધી. | રૂ/- ૫૦૦૦ થી વધારે |
| ૦૩ | નવા અથવા રીસાયકલ પ્લાસ્ટીક માંથી બનેલી કેરીબેગ ની જાડાઈ ૫૦ માઈક્રોનથી ઓછા વેચાણ | રૂ/- ૫૦ થી ૫૦૦ સુધી. | રૂ/- ૫૦૦ થી ૫૦૦૦ સુધી. | રૂ/- ૫૦૦૦ થી વધારે |

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪ | પ્લાસ્ટીકનું વેચાણ કરનારા દુકાનધારકોએ નગરપાલિકા તથા ગુજરાત પોલ્યુસન કન્ટ્રોલ બોર્ડનું રજી સ્ટેશન ન કરાવેલ હોય તો | રૂ/- ૫૦ થી ૫૦૦ સુધી. | રૂ/- ૫૦૦ થી ૫૦૦૦ સુધી. | રૂ/- ૫૦૦૦ થી વધારે |

(૨) ૫૦ માઈક્રોન કરતા ઓછા માઈક્રોન વાળા પ્લાસ્ટીકનો અવેધ ઉપયોગ કરનારાઓ કે નિયમોની જોગવાઈઓનું પાલન કરવાં નિષ્ફળ રહેતી વ્યક્તિઓ / દુકાનદારો પાસે થી વહીવટી ચાર્જ / દંડ વસુલ કરવાની પેટા નિયમોની જોગવાઈઓ સુનિશ્ચિત કરવાની સત્તા નીચેના અધિકારીઓને / કર્મચારીઓને અંકલેશ્વર નગરપાલિકા અંકલેશ્વર ના હદ વિસ્તારમાં વહીવટી ચાર્જ / દંડ વસુલ કરવાની સત્તા સોપવા આપવામાં આવે છે,

(A) વહીવટી ચાર્જ / દંડ વસુલ કરવાની સત્તા નીચે મુજબના અધિકારીઓને આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ચીફ ઓફિસર | ૭ | અ.મ .ઈજનેર ( ડ્રેનેજ) |
| ૨ | સિવિલ એન્જીનીયર | ૮ | ગુમાસ્તાધારા ઇન્સ્પેક્ટર |
| ૩ | સેનેટરી ઇન્સ્પેક્ટર | ૯ | હાઉસટેક્ષ સુપરીટેન્ડન્ટ |
| ૪ | અ.મ .ઈજનેર ( બાંધકામ ) | ૧૦ | હેડ સર્વેયર |
| ૫ | અ.મ .ઈજનેર ( ઇલેક્ટ્રિક ) | ૧૧ | સર્વેયર |
| ૬ | અ.મ .ઈજનેર ( વોટર વર્ક ) | ૧૨ | સેનિટેશન સુપરવાઈઝર |

(૩) ઉપર મુજબના પેટા નિયમો ના અમલીકરણ માટે દૈનિક પત્રમાં જાહેરાત પ્રકાશિત કરવી તેમજ પ્રચાર પ્રસાર સંચાર અને શિક્ષણના માધ્યમથી અભિયાન ચલાવવું અને ૫૦ માઈક્રોનની જાડાઈ વાળી અથવા તેથી વધુ જાડાઈ વાળી પ્લાસ્ટીકની બેગ ( ઝબલા, થેલી ) નો વપરાશ થાય એ માટેની જાણકારી આપવી.

ઉપરોક્ત "પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ના પેટા નિયમો-૨૦૧૮" ની અંકલેશ્વર શહેરમાં અમલવારી કરાવવા ઓફીસ કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા અર્થેની સત્તા સેનેટરી કમિટિ ચેરમેનશ્રી, પ્રમુખશ્રી અને મુખ્ય અધિકારીશ્રી ને આપવાનું આથી ઠરાવવામાં આવે છે. ઉપરોક્ત કામે થનાર પ્રચાર પસરનો ખર્ચ મંજુર કરવાની સત્તા પ્રમુખશ્રીને અને તેનું ચુકવણું કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રીને આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

મુખ્ય અધિકારી
અંકલેશ્વર નગરપાલિકા